અપીલ અરજી નં.પર/૦૮–૦૯ તા. ૬–૬–૦૮

અરજદારઃ શ્રી ચૌહાણ ભાનુબેન નગીનભાઈ અને નગીનભાઈ પી. ચૌહાણ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

## ***હુકમઃ–***

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ ભાનુબેન નગીનભાઈની તા.૧૫–૪–૦૮ ની અરજીથી ટીપી નં.૧ સા.ઝોનથી હરીનગર–૩ થી જતો રસ્તો ૬૦ ફુટનો માર્જીનના એરો (તીર) બબ્બે લગાવવાનું કારણ, હરીનગર–૧ અંબામાતાનું મંદિર રાવ સાહેબના સમયની માપણી મુજબ ત્રણ ફુટ રોડમાં હોય તે પ્રમાણનું માર્જીન હતું તે માર્જીન બદલવાનું કારણ બાબતે માગવામાં આવેલી માહિતી બાબત.
સંદર્ભેઃ– ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૬–૬–૦૮ ની અપીલ અરજી નં.પર/૦૮–૦૯

શ્રી ચૌહાણ ભાનુબેન નગીનભાઈ ની તા.૧૫–૪–૦૮ ની અરજીથી ટીપી નં.૧ સા.ઝોનથી હરીનગર–૩ જતો રસ્તો ૬૦ ફુટના માર્જીનના એરો (તીર) બબ્બે લગાવવાનું કારણ હરીનગર–૧ અંબામાતાનું મંદિર કમિશ્નર રાવ સાહેબના સમયની માપણી મુજબ ત્રણ ફુટ રોડમાં હોય તે પ્રમાણનું માર્જીન હતું તે માર્જીન બદલવાનું કારણ બાબતે માંગવામાં આવેલી માહિતીના અનુસંધાને સા.ઝોન/ટેક./આ.નં.૫૫૮ તા.૨૧–૪–૦૮ થી આપવામાં આવેલ "અત્રેથી એક જ એરો માર્કીગ કરવામાં આવેલ છે. તથા કોઈ માર્કીગ બદલવામાં આવેલ નથી" તેવી માહિતી અંગે નારાજગી વ્યકત કરી અગાઉની માપણી અને હાલની માપણીના માર્જીન તીર હાલમાં હયાત છે જયાં સુધી ડીમોલેશન થયું નથી તેથી આપવામાં આવેલી માહિતી તદ્દન ખોટી અને ભેદભાવપુર્ણ છે તેવું જણાવી ડે.કમિશ્નર (જનરલ)અને એપેલેટ ઓફિસરને તા.૬–૬–૦૮ ના રોજ દિન–૧૫ ના વિલંબસહ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીની વિસંગતતા કોઈ હોય તો તે અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૬ તા.૧૧–૬–૦૮ ના રોજ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેમના તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો કે પૂરક માહિતી મળેલ નથી.

ઉપરોકત બાબતે તા.૯–૭–૦૮ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ જેમાં મુળ અરજી નમુના 'ક' માં ભાનુબેન નગીનભાઈ ચૌહાણ અને નગીનભાઈ પી. ચૌહાણ તરફથી કરવામાં આવેલ છે. જયારે શ્રી નગીનભાઈ પી. ચૌહાણ અરજદાર નં.૨ તરફથી અપીલ અરજી કરવામાં આવે છે જેઓ હાજર રહી માર્જીન અંગે અગાઉના એરા માં ડીમોલેશન ત્રણ ફુટ બચે છે એવી રજૂઆત કરેલ.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી એવી રજૂઆત કરવામાં આવી કે રેકર્ડ આધારીત માર્કીગ થયેલ છે અને તે મુજબ ડીમોલેશન થયેલ છે. અરજદાર ઈચ્છુક હોય તો અરજી કરીને નકશાઓ મેળવી શકે છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૫–૪–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. સુનાવણી દરમ્યાન પણ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ધ્વારા દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડયાનું જણાવેલ છે સાથે અરજદાર ઈચ્છુક હોય તો નકશા મેળવી શકે છે તેવું જણાવે છે. હકીકત ધ્યાને લેતાં અરજદારને દફતરી માહિતી મળેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેમ છતાં નકશા મેળવવા ઈચ્છુક હોય તો નિયત પ્રક્રિયા હાથ ધરી મેળવવા સ્વતંત્ર છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધનાઝોન..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી ચૌહાણ ભાનુબેન નગીનભાઈ,